# પ્રધાનમંત્રીએ કતારના અમીર સાથે મુલાકાત કરી

ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૪

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે દોહામાં અમીરી પેલેસમાં કતારના અમીર, મહામહિમ શેખ તમીમ બિન હમાદ અલ થાની મુલાકાત લીધી હતી.

2. વડાપ્રધાન ત્યાં પહોંચ્યા ત્યારે અમીરી પેલેસમાં વડાપ્રધાનનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પછી, બંને પક્ષોએ પ્રતિનિધિમંડળ સ્તરની અને મર્યાદિત ચર્ચાઓ કરી હતી. ચર્ચાઓમાં આર્થિક સહકાર, રોકાણ, ઉર્જા ભાગીદારી, અંતરિક્ષ પ્રવૃત્તિઓ સંબંધિત સહકાર, શહેરી માળખાકીય ક્ષેત્ર, સાંસ્કૃતિક જોડાણો, અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના વિષયોની વિશાળ શ્રેણીનો સમાવેશ કરાયો હતો. બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપર દૃષ્ટિકોણની આપ-લે પણ કરી હતી.

3. વડાપ્રધાને કતારમાં ૮ લાખથી વધારે દૃઢ નિશ્ચયી ભારતીય સમૂહની કાળજી લેવા માટે અમીર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી અને કતાર સાથે દ્વિપક્ષીય સહકાર વધુ વિકસાવવા અને ગાઢ બનાવવા માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમણે અમીરને ભારતની જલદીથી મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું હતું.

4. અમીરે વડાપ્રધાનની લાગણીઓને સ્વીકારીને સમાન લાગણીઓ વડાપ્રધાન પ્રત્યે વ્યક્ત કરી હતી અને ગલ્ફ ક્ષેત્રમાં મહત્ત્વના ભાગીદાર તરીકે ભારતની ભૂમિકાના વખાણ કર્યા હતા. અમીરે કતારના વિકાસમાં વાઇબ્રન્ટ ભારતીય સમૂહના ફાળા અને કતારમાં આયોજિત વિવિધ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં તેઓની ઉત્સાહપૂર્વક સહભાગીતાના પણ વખાણ કર્યા હતા.

5. અમીરી પેલેસમાં ભોજન સમારંભ પછી વડાપ્રધાનનું સન્માન કરવા માટે એક બેઠકનું આયોજન કર્યું હતું.

**દોહા**
**ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૪**